પૂર્તિ

# સ્ક્રીનટાઈમ ઘટાડવા લોકો જૂની ટેકનોલોજીના ભરોસે

**ટેક-ટોક**

★ આનંદ ગાંધી

સ્ક્રીનટાઈમની ગ્લોબલ એવરેજ અત્યારે છ કલાક અને 51 મિનિટે પહોંચી ગઈ છે. આ સ્ક્રીનટાઈમમાં ઇન્ટરનેટ કનેક્શન સાથે જોડાયેલા ડિવાઈસની જ ગણતરી થાય છે. મોબાઈલ કે લેપટોપમાં ડાઉનલોડ કરીને ફિલ્મો જોતા હોય અથવા બીજી કોઈ રીતે સ્ક્રીન સાથે જોડાયેલા હોય એવા લોકોની ગણતરી આમાં શક્ય નથી. આ સ્ક્રીનટાઈમમાં મોબાઈલના સ્ક્રીનટાઈમનો હિસ્સો ત્રણ કલાક 45 મિનિટનો છે.

એમાં પણ વળી સોશિયલ મીડિયામાં લોકો બે કલાક અને 21 મિનિટનો સમય આપે છે. ઓલમોસ્ટ બે કલાક સુધી લોકો સોશિયલ મીડિયામાં કંઈનું કંઈ સ્ક્રોલિંગ કરતા રહે છે. જેન ઝીનો સોશિયલ મીડિયા ટાઈમ સૌથી વધુ છે. તેના પરિણામે સ્ક્રીનટાઈમ પણ એવરેજ નવ કલાકે પહોંચે છે. પૃથ્વીના ખંડની રીતે વાત થાય તો આફ્રિકામાં સૌથી વધુ સ્ક્રીન ટાઈમ છે અને એશિયાનો સ્ક્રીન ટાઈમ સૌથી ઓછો છે. પણ






સરેરાશ દુનિયામાં દરેક માણસની નજર સાડા છ કલાકથી વધારે સ્ક્રીન સામે ખોડાયેલી રહે છે.

સ્માર્ટફોને દુનિયાને એક જ ગેજેટમાં સમાવી દીધી છે. ફોન હવે વાતચીતનું સાધન ન રહીને કેમેરા, મ્યુઝિક પ્લેયર, ઘડિયાળ, મેપ, બેંક, સોશિયલ મીડિયા, ગેમ્સ સહિતની અનેક સર્વિસનું મેજિક બોક્સ છે, પણ આ મેજિક બોક્સ હવે લાઈફ સ્ટાઈલ ડીસીઝ માટે પણ કારણભૂત છે અને માનસિક શાંતિ સામે જોખમ સર્જે છે. બાળકોના વધતા સ્ક્રીનટાઈમથી તેમના પર અનેક પ્રકારની મુશ્કેલીઓ આવી રહી છે. તેમનામાં ધીરજનો અભાવ ઊડીને આંખે વળગે છે તો વળી તેમને અજંપો ઘેરી વળ્યો છે. સુવિધા હોવા છતાં શાંતિ નથી.

આનો ઉપાય શું? મોબાઈલ હવે જીવન જરૂરિયાતની ચીજ બની ગયા છે. કોમ્યુનિકેશન માટે મોબાઈલ અનિવાર્ય છે. અનેક સર્વિસ હવે ઓનલાઇન મળે છે. એટલે મોબાઈલ વગર ચાલવાનું નથી. બિઝનેસ માટે કે એવી અનેક રોજિંદી જરૂરિયાત માટે મોબાઈલ જરૂરી છે. પરંતુ એના માટે સંતુલન પણ જરૂરી છે અને એ સંતુલન જાળવવા માટે લોકો નવા નવા તરીકા અપનાવી રહ્યા છે.

આ સંતુલનના ભાગરૂપે વિકસિત દેશમાં અનેક યુઝર્સ જૂના ગેજેટ્સ તરફ વળ્યા છે. યુવાનોમાં રેટ્રો ટેકનોલોજી અને ડમ્બફોન પ્રત્યે રસ વધ્યો છે. આઈપોડ કે વોકમેન સાથે વાયર્ડ હેડફોન્સ, જૂના ડિજિટલ કેમેરા જેવી ટેકનોલોજી ફરી એકવાર આકર્ષણનું કેન્દ્ર બની છે. આ ટ્રેન્ડનું સૌથી સરસ ઉદાહરણ એલાર્મ ક્લોક છે. ફોનમાં એલાર્મ મૂકીને સૂતા લોકો સવારે એલાર્મ બંધ કર્યા બાદ ઈન્સ્ટાગ્રામ, વ્હોટ્સએપ, ન્યૂઝ કે ઈમેઈલમાં ફસાઈ જતા હોય છે. તે લોકો ફોનને બેડરૂમથી દૂર રાખીને સાદી એલાર્મ ક્લોકનો ઉપયોગ કરતા થયા છે.

સ્માર્ટફોનના કેમેરા ખૂબ જ સારા હોવા છતાં ડિજિટલ કેમેરાની માંગમાં વધારો થયો છે. અલગ ડિજિટલ કેમેરા હાથમાં હોવાથી કેમેરા સ્કીલ પર વધુ ધ્યાન રહે છે. બીજી તરફ, ફોનમાં નોટ્સ લખવાની જગ્યાએ ડિજિટલ નોટબુક્સની માંગમાં વધારો થયો છે. તેમાં પણ એવી નોટબુક્સ વધુ પોપ્યુલર છે જે કાગળ પર લખવા જેવો અનુભવ આપે છે. મ્યુઝિક

**સ્ક્રીનટાઇમ વધી રહ્યો હોવાથી લોકો નવી અત્યાધુનિક ટેક્નોલોજીને બદલે જૂની ટેક્નોલોજી તરફ વળી રહ્યા છે, એલાર્મ ક્લોક અને સાદા ફોનનો ટ્રેન્ડ હવે વિકસિત દેશમાં શરૂ થયો છે**

સ્ટ્રીમિંગ એપ ખોલતા અન્ય એપ્સ પણ સામે આવી જાય છે. તેના બદલે ઘણા વોકમેન, આઈપોડ તરફ વળ્યા છે. જે માત્ર મ્યૂઝિક પૂરતી મર્યાદિત સર્વિસ આપે છે.

એક સમયે ઓનલાઇન રીડિંગનો ટ્રેન્ડ જબરો જામ્યો હતો. તેના બદલે હવે પુસ્તકો હાથમાં લઈને વાંચવાનો ટ્રેન્ડ પણ શરૂ થયો છે. દુનિયાભરમાં ઘણા કેફે વિધાઉટ સ્ક્રીન નામથી કન્સેપ્ટ ચલાવે છે. એમાં હળવું મ્યુઝિક ચાલતું હોય સાથે પુસ્તકો વાંચો અથવા માત્ર આસપાસનો નજારો જોઈને બેસી રહો. કોફી પીવો, નાસ્તો કરો અથવા જે કંપની સાથે કેફેમાં ગયા હો તેની સાથે વાતો કરો. આવું બધું કરી શકો. ત્યાં મોબાઈલ જોવાની છૂટ હોતી નથી.

ખૂબ ધીમા પગલે આવી રહેલા આ ટ્રેન્ડથી ભારત જેવા દેશોએ ઘણું શીખવા જેવું છે. આપણે ત્યાં ચારેબાજુ મોબાઈલના અવાજો વધતા જાય છે, સ્ક્રીનટાઈમ ભયજનક રીતે વધ્યો છે, ત્યારે મોબાઈલનો ઉપયોગ જરૂરિયાત જેટલો જ કરવાનું આપણે શીખવું જોઈએ.

## જિસે ન આને કી ક઼સ્મેં મૈં દે કે આયા હૂં
## ઉસી કે ક઼દમોં કી આહટ કા ઈંતિઝાર ભી હૈ

**- જાવેદ નસીમી**

**કેફિયત**

★ હનીફ મહેરી

ક્યાં

જેને ન આવવાની કસમ આપીને આવ્યો છું, તેના પગરવની પ્રતીક્ષા પણ છે. જેના પ્રત્યે તમને પ્રેમ હોય તેના આવવાના ભણકારા કાયમ થતા રહે છે. પ્રિયજનના પગરવની પ્રતીક્ષા જ તેના પ્રત્યેના અનહદ પ્રેમને ઉજાગર કરે છે. તમે એવી વ્યક્તિની જ પ્રતીક્ષા કરો છો જેને તમે ચાહો છો. તેના આવવાના જરા સરખા અણસારથી પણ આખો માહોલ બદલાઈ જાય છે. જેને નહીં મળવાની કસમ આપી હોય તો પણ તેના પગરવની સતત પ્રતીક્ષા રહે. જેના પ્રત્યે તમને પ્રેમ હોય તેની હંમેશા પ્રતીક્ષા રહે છે. મિલન કરતાં પણ વધુ મિલન પહેલાંની પ્રતીક્ષાનો આનંદ હોય છે. આવી પ્રતીક્ષા પ્રિયજનના આવવાનો કોઈ અણસાર કે કોઈ પગરવથી વધુ રોમાંચક બને છે. દરવાજા ઉપર ટકોરા સંભળાય એટલે મુલાકાતના ભણકારા થવા લાગે. મુલાકાત પહેલાંની પ્રતીક્ષા વધુ યાદગાર હોય છે. આમ પણ જીવનમાં કશુંક પ્રાપ્ત કરવા કરતાં એ પ્રાપ્ત કરવા માટેના પ્રયાસ વધુ આનંદ આપે છે. પ્રિયજન સાથેની મુલાકાત કે તેની સાથે થતી ગુફતગૂથી પણ વધુ તેના આવવાની પ્રતીક્ષાનો આનંદ હોય છે. ઘણી વાર કોઈ આવવાનું નથી તેની જાણ હોવા છતાં પણ તેની જ પ્રતીક્ષા હોય છે. કોઈ પગરવ સંભળાય તો પણ તેના આવવાની રાહ જોવાય. કોઈ પણ મુલાકાત કરતાં મુલાકાત પહેલાંની પ્રતીક્ષા વધુ મહત્ત્વની છે. આવી પ્રતીક્ષાથી જ પ્રેમ વધે છે. આવી પ્રતીક્ષામાં જ પ્રેમ નભે છે. એક-બે ઘડીની મુલાકાત માટે ઘણી વાર દિવસો સુધી પ્રતીક્ષા કરવી પડે છે. કેટલીક વખત તો મુલાકાત થતી જ નથી ફક્ત ઈંતેજાર થતો રહે છે. મિલનની ઘડી કરતાં પણ વધુ પ્રતીક્ષાની ઘડી આનંદ આપે છે. કોઈ માટે પ્રતીક્ષા કરવી એ બધાંને નસીબ હોતી નથી. કોઈ પ્રેમ કરનારાને જ આવી પ્રતીક્ષા કરવાની તક મળે છે. મિલનથી વધુ મિલન પહેલાંની પ્રતીક્ષાનો આનંદ હોય છે.

